# જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
## (વિકસતી જાતિ) ની કચેરી

જિલ્લા સેવા સદન–૨,બ્લોક–બી/૧૦૫,પ્રથમ માળે– અમરેલી. ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૭૯૩

E-Mail :- ddcw-sjed-amr@gujarat.gov.in


અતિસજરૂરી/તાત્કાલિક

નં.વિજાક/શિક્ષણ/૨૦૨૧-૨૨/૨૭૮૪

તારીખ.૧૮/૦૮/૨૦૨૧.

**પરિપત્ર:**

ભારત સરકારનાં અલ્પ સંખ્યક કાર્યમંત્રાલય, નવી દિલ્હીનાં તા.૦૨/૦૮/૨૦૨૧ નાં પત્રક્રમાંક No.SS-15/13/2020-Scholarship-MOMA થી અને સંયુક્ત નિયામકશ્રી,વિકસતી જાતી, કલ્યાણ ખાતું,ગુજરાત રાજ્ય,ગાંધીનગરનાં તા.૧૩/૦૮/૨૦૨૧ સરખાક્રમાંકનાં પત્રથી ધાર્મિક લઘુમતીઓ માટે વર્ષ:૨૦૨૧-૨૨ માં પ્રિ-મેટ્રિક,પોસ્ટ મેટ્રિક, અને મેરીટ કમ મીન્સ શિષ્યવૃતિ યોજનામાં ડીબીટી મિશન, કેબીનેટ સચિવાલયે આ પોર્ટલને વધુ સુરક્ષિત કરવા જરૂરી સુચનાઓ મળવામાં હોઈ આ નેશનલ સ્કોલરશીપ પોર્ટલ પર પત્રક-અ અને KYC Registration ની પ્રક્રિયા PPT મુજબ અમરેલી જીલ્લામાં આવેલ તમામ શાળા/કોલેજ/સંસ્થાઓમાં INOs નું Aadhaar based demographic authentication ની કામગીરી દિન-૧૫ માં પૂર્ણ કરવા સુચના આપવામાં આવે છે.

ઉક્ત સુચનાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: ૩૬૬૧
શાખાનું નામ: યોજના
તારીખ: ૨૩/૮/૨૧
સહી:

(એમ.કે.રાઠોડ)
જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
(વિ.જા.) અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ શાળા/કોલેજ/સંસ્થા-અમરેલી.

<u>નકલ સવિનય જાણ સારૂ રવાના-</u>

(૧) નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતું,ગુ.રા.ગાંધીનગર.

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી-અમરેલી જરૂરી કાર્યવાહી કરવા અર્થે.

(૩) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાયત-અમરેલી જરૂરી કાર્યવાહી કરવા અર્થે.

(૪) શાસનાધિકારી,અમરેલી જરૂરી કાર્યવાહી કરવા અર્થે.

<u>બીડાણ:</u>

૧) પત્રક-અ

૨) KYC Registration ની પ્રક્રિયા PPT .

પત્રક-અ

૧) તમામ શાળા/કોલેજ/સંસ્થાઓનું Aadhaar based demographic authentication અરજીઓની ચકાસણી પહેલા ફરજીયાત કરવામાં આવ્યું છે. જેના માટે INOs ને NSP પોર્ટલ પર તેમનો આધાર નંબર આપવાનો રહેશે. L1 (INOs) સ્તરનાં આધાર પ્રમાણીકરણ (Aadhaar authentication) ની સુવિધા NSP પોર્ટલ પર લાઈવ કરવામાં આવી છે. અને આ પ્રક્રિયા દરમિયાન જનરેટ થયેલ OTP INOs નાં આધાર સાથે નોંધાયેલ મોબાઈલ નંબર પર મોકલવામાં આવશે. NSP એજ મોબાઈલ નં. ભવિષ્યમાં તમામ SMS અને OTP મોકલવા માટે ઉપયોગમાં લેશે અને નવી સંસ્થાના નોડલ અધિકારીનાં KYC માટેની પ્રક્રિયા પણ આજ રીતે કરવાની રહેશે. તેથી INOs નાં લોગીનમાં Administration માં Update Profile નાં Option માં જઈને Contact Person Details માં INOs નાં આધારકાર્ડ મુજબની તમામ વિગતો ભરવાની રહેશે. અને ત્યારબાદ NSP પર KYC ની પ્રક્રિયા પૂર્ણ થયા પછી જ NSP Portal માં શિષ્યવૃતિની કાર્યવાહી માટેના Option કાર્યરત થશે. ઉક્ત INOs નું Aadhaar based demographic authentication અને KYC Registration ની પ્રક્રિયા PPT પણ આ સાથે સામેલ રાખી મોકલવામાં આવે છે.

૨) વર્ષ ૨૦૨૧-૨૨ માં NSP પોર્ટલ પર ફ્રેશ/રીન્યુઅલ ફોર્મ ભરતી વખતે આપેલ લાભાર્થી/વિદ્યાર્થીનાં નામ,લિંગ અને જન્મ તારીખ આધારકાર્ડ માં દર્શાવ્યા મુજબ પ્રમાણીકરણ (Aadhaar authentication) ની પ્રક્રિયા શરુ કરવામાં આવેલ છે. જેથી તમામ વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીનું નામ,લિંગ અને જન્મ તારીખ ફરજીયાત આધારકાર્ડ મુજબ લખવા શાળા/કોલેજ/સંસ્થાઓને સુચના આપવામાં આવે છે.